## જોઈએ છે - Placement Agency

ગાંધીનગર સેક્ટર-૩૦, સ્થિત કેન્દ્ર સરકાર સંચાલિત ઉદયભાણસિંહજી પ્રાદેશિક સહકારી પ્રબંધ સંસ્થાને કાર્યાલયના વિવિધ કાર્યો માટે હંગામી ધોરણે સ્ટાફ જોઈએ છે.

રસ ધરાવનાર માન્ય રજીસ્ટર્ડ - **Placement Agency**એ દિન-૭માં ભાવ જરૂરી શરતો સાથે બંધ કવરમાં સંસ્થામાં પહોંચતા કરવાના રહેશે.

**નિયામકશ્રી**
**ઉદયભાણસિંહજી પ્રાદેશિક સહકારી પ્રબંધ સંસ્થા**
**સેક્ટર-૩૦, ગાંધીનગર - ૩૮૨૦૩૦ (ગુજરાત)**
**ટેલીફોન નંબર : ૦૭૯-૨૩૨૬૧૭૧૫, ૨૩૨૬૦૪૯૨**


# જિલ્લા પંચાયતનું બજેટ સર્વાનુમતે મંજૂર

**રૂ. ૧૭ કરોડની પુરાંત ધરાવતુ બજેટ : ૮૮૮ કરોડનું કુલ બજેટ : સ્વભંડોળના બજેટમાં ઘટાડો કરાયો : સભ્યોના વિસ્તારમાં વિકાસ કામોની ગ્રાન્ટમાં રૂ. ૧૦ લાખનો વધારો કરવામાં આવ્યો**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૧૯-૨૦નું રૂ. ૧૭ કરોડની પુરાંત ધરાવતુ અંદાજપત્ર આજે સામાન્યસભામાં રજુ થયુ હતુ જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યુ હતુ.

રૂ. ૮૮૮ કરોડના આ બજેટમાં ૮૬૫ કરોડ સરકારી નાણાં વિવિધ વિભાગોની યોજનાઓને લઈ ફાળવવામાં આવ્યા છે. જ્યારે ૨૩.૬૭ કરોડ સ્વભંડોળનું બજેટ છે.

આજે મંજૂર કરાયેલ બજેટમાં સ્વભંડોળના બજેટમાં ગત વર્ષની તુલનામાં ૮ થી ૯ ટકા જેટલો ઘટાડો સૂચવે છે. આ વર્ષે સામાન્ય સભાએ સભ્યોના વિસ્તાર વિકાસ માટેની ગ્રાન્ટમાં રૂ. ૧૦ લાખનો વધારો કરી અને તે રૂ. ૩૦ લાખ કરવાનો નિર્ણય કરાયો છે.

આજે રજુ કરાયેલ બજેટમાં કન્યા કેળવણી માટે રૂ. ૪૫ લાખ, પ્રથમ સંતાન તરીકે દિકરી જન્મે તો પ્રોત્સાહક માટે રૂ. ૬ લાખ, સબ સેન્ટરો અને પ્રા.આ. કેન્દ્રોની મરામત માટે રૂ. ૧ કરોડ, આંગણવાડી રીપેરીંગ તેમજ શૌચાલયના બાંધકામ માટે રૂ. ૩૦ લાખ, કુપોષણ નાબુદી અભિયાન માટે રૂ. ૩ લાખ, કુપોષિત બાળકો માટે રૂ. ૮ લાખ, વિધવા મહિલા પશુપાલક માટે પશુદાણની ખરીદી માટે રૂ. ૨૦ લાખ, અનુ. જાતિના મહોલ્લામાં વિકાસ માટે સહાય પેટે રૂ. ૪૪ લાખ, પાણીની સુવિધા માટે પંચાયતોને સહાય માટે રૂ. ૨ કરોડની મહત્વની જોગવાઈઓ કરવામાં આવી છે.

પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલે આ બજેટનો સંતુલિત બજેટ ગણાવતાં કહ્યુ હતુ કે તમામ વર્ગોને ન્યાય આપવા ઉપરાંત વિકાસને અગ્રતા આપવામાં આવી છે. કન્યા કેળવણી માટે રૂ. ૪૫ લાખની માતબર જોગવાઈ એ કન્યાઓના ડ્રોપઆઉટ રેસિયાને ઘટાડશે તેમજ જિલ્લામાં શૈક્ષણિક ક્રાંતિ તે પૂરક બનશે.

આ બજેટ અંગે જોકે વિપક્ષે મૌન જાળવ્યુ છે. જિલ્લા પંચાયતની આજની આ સામાન્ય સભામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે પ્રમુખ સ્થાનેથી એક પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતની આવકના સાધનો સીમીત હોવા છતાં બજેટમાં સૌના વિકાસને અગ્રતા આપવામાં આવી હોવાનું કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ જણાવ્યુ હતુ.

આજની આ સામાન્યસભામાં અધ્યક્ષસ્થાનેથી સાત જેટલા પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા હતા. મંગુબેન પટેલ (ચૌધરી)ના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં એજન્ડા પરના અન્ય કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

## મનરેગા હેઠળ ૧૨ કરોડથી વધુ રકમ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં મનરેગા પાછળ ૨૦૧૯-૨૦ના વર્ષમાં રૂ. ૧૨ કરોડથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવશે. મનરેગા દ્વારા જિલ્લામાં ૪,૦૩,૫૯૩ માનવદિન રોજગારી ઉભી કરાશે અને આ માટે ૮૯૦ જેટલા કામો હાથ ધરવામાં આવશે.

ચાલુ વર્ષે મનરેગા પાછળ ૮૦ ટકા જેટલુ બજેટ વપરાયુ હોવાનો દાવો નિયામકશ્રીએ સામાન્યસભામાં કર્યો હતો. તેમણે સુજલામ સુફલામ યોજના અંતર્ગત હાથ ધરાયેલ મનરેગાના કામોમાં કોઈ ચુકવણુ બાકી નહિ હોવાનું પણ જણાવ્યુ હતુ.

જિલ્લામાં રોજગારી પેટે ૭.૭૫ કરોડ ચૂકવવામાં આવશે જ્યારે માલસામાનની સહાય પેટે ૪.૪૨ કરોડ આ લેબર બજેટ અનુસાર ચુકવવાના થશે. જિલ્લામાં દહેગામમાં ૧૫૩, ગાંધીનગરમાં ૩૬૩, કલોલમાં ૧૯૯, જ્યારે માણસામાં ૧૫૭ કામો હાથ ધરાશે.




RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence

BIRTHDAY PARTY
SMALL GATHERING
OFFICE MEETING

LIVE KITCHEN





*Our Knowledgeable staff & personalized catering will add a touch of class to your occasion...*

Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 90998 84444, 95370 19001
**Email :** rfc@rajvee.in | www.rajvee.in
For Banquet Inquiry : 89801 08444


**તૃતિય પુણ્યતિથિએ**
**ભાવાંજલિ**



**સ્વ. યશવંતરાય બી. ભટ્ટ**
**સ્વર્ગવાસ તા. ૩/૩/૨૦૧૬**

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી.
હર હંમેશ હેતની લાગણી સહેજ વિસરાતી નથી.
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
**આપના દિવ્ય આત્માને કોટિ કોટિ વંદન...**

લી.
ગં.સ્વ. ઉર્મિલાબેન વાય. ભટ્ટ
રૂપલ કમલેશભાઈ દવે - રિદ્ધિ-હાર્દિકકુમાર
જિજ્ઞાસા સુકેતુભાઈ મહેતા - નિધિ-નિલકુમાર
દિપલ સમિરભાઈ નાણાવટી
કોશા - નિસર્ગ


**રોયલ સાયન્સ સ્કૂલ**
**શિક્ષકો જોઈએ છે**
પગાર : ૨૦૦૦૦ થી ૩૫૦૦૦
ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, અંગ્રેજી, ગણિત
(B.Sc. B.Ed., M.Sc. B.Ed.)
**રોયલ સ્કૂલ કેમ્પસ**
(દહેગામ-બાયડ હાઈવે) તા. દહેગામ, જી. ગાંધીનગર
નોંધ : B.E. કે M.E. કરેલ ઉમેદવારો અરજી કરી શકશે.
**મો. નં. ૯૫૭૪૪૫૩૩૩૪-૩૨**

**ROOPKALA**
The silver shop
**માત્ર ચાંદીનો શો-રૂમ**
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**ગાંધીનગર માટે**
**LED TV રીપેરીંગ માટે**
**સોમનાથ**
**ઈલેક્ટ્રોનિક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં,
સેક્ટર-૨૪, ગાંધીનગર
**મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬**

**આપના સપનાનું ઘર આપની રાહ જોઇ રહ્યું છે.... સહપરિવાર જોવા પધારો**




RERA Reg. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00941/071217 - www.gujrera.gujarat.gov.in

શિવાલય
PARISAR
3 BHK LUXURY

besides shivalay residency,
opp. kanam-1, kudasan

exclusively marketed by:
tps The Property Shop
98980 29451, 99092 80666


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com